

શેરડીનો રસ - આજકાલ ગરમી વધતા શેરડીના કોલા પણ ઠેરઠેર ગોઠવાઈ ગયા છે... ગરમીમાં રાહત મેળવવા મધ્યવર્ગીય સમાજ માટે સસ્તુ અને સાત્વિક પીણું એટલે શેરડીનો રસ.... (તસવીર : દિપક જાની)

# સે. ૩૦માં ધોળા દિવસે રૂ. ૨ લાખની લૂંટ

## ૧૫ શખ્સોએ ઘરમાં ઘુસી માર મારી લૂંટ ચલાવી ફરાર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સે. ૩૦માં સ્થિત જીટીએસ પ્લોટ નં. ૧૪ ખાતે આવેલ એક રહેણાંક મકાનના તાળા તોડી અંદાજે ૧૫-૧૭ જેટલા શખ્સોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં રહેલ આશરે રૂ. ૨ લાખનો ઘરવખરીનો સામાન લઈ ગયા હતા અને ફરિયાદના દીકરાને માર મારી મોબાઈલ પણ લૂંટી ગયા હતા. જે અંગે સે. ૨૧ પોલીસમથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અમદાવાદ શહેરના નારણપુરા સ્થિત શાસ્ત્રી ખાતે મકાન નં. એમ/૪/૭૬/૫૭૪ ખાતે રહેતા વિભાબેન નિલેશભાઈ પટેલના કાકા સાથે છેલ્લા ઘણા સમયથી જમીન મામલે વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે આજે સે. ૩૦ સ્થિત જીટીએસ પ્લોટ નં. ૧૪માં આવેલ વિભાબેનના રહેણાંક ઓરડીમાં સવારે ૧૧.૧૫ કલાકે કાળુસિંહ અને ભરતભાઈ પટેલ સહિતના અન્ય ૧૫-૧૭ શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી હતી અને ધારદાર હથિયારો સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને ઓરડીના મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આ દરમિયાન ફરિયાદી વિભાબેનના દીકરા અનીશે રોકવાનો પ્રયત્ન કરતા તેને પણ ગડદાપાટુનો ટોળાએ માર માર્યો હતો અને મોબાઈલ સહિત અંદાજે ઘરમાં પડેલ રૂ. ૨ લાખનો સામાન લૂંટી ગયા હતા. આ સંદર્ભે ફરિયાદી વિભાબેન પટેલે સે. ૨૧ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ખખડધજ સરકારી આવાસો દુષણોનો અડ્ડો

## સેક્ટર-૩૦ સ્થિત બારી-દરવાજા વગરના નિકાલ હેઠળના ખુલ્લા સરકારી આવાસોમાં દુષણો પાંગરતા હોવાનો આક્રોશ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં મોટાભાગના સરકારી આવાસો કંગાળ હાલતમાં છે. ત્યારે નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડવાના મામલે પણ તબક્કાવાર ગોકળગતિએ નિર્ણય લેવાતા આ ભયજનક આવાસો દુષણોનો અડ્ડો બની રહ્યા છે. સે. ૩૦માં બારી દરવાજા વગરના આ આવાસોના ઓથા હેઠળ દુષિત વૃત્તિઓ સંતોષાતી હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે.

સેક્ટરોમાં સ્થિત દાયકાઓ જૂના સરકારી આવાસો પૈકી મોટાભાગના આવાસો પડવાના વાંકે ઉભા હોય તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં જે મકાનો નિકાલ હેઠળ જાહેર કરવામાં આવ્યા છે તેવા સરકારી આવાસો તોડી પાડવાના મામલે પણ ભારોભાર વિલંબ થઈ રહ્યો છે. જેના પરિણામે આ ભયજનક આવાસો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેમ છે. બીજી તરફ રામભરોસે મુકી દેવાયેલા નિકાલ હેઠળના સરકારી આવાસો દુષણોનો અડ્ડો બની રહ્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બારી દરવાજા વગરના ખુલ્લા આવાસો ક્યારેક શ્રમજીવીઓ માટે આશરો બની રહ્યા છે. સે. ૭માં અગાઉ નિકાલ હેઠળના મકાનોમાં શ્રમિકોએ અડ્ડો જમાવતા સફાળા જાગેલા તંત્ર દ્વારા મકાનો ખાલી કરાવાયા હતા. સે. ૩૦માં પણ આવા બિસ્માર મકાનો અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બની ગયા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં આ મકાનોનો નિકા ન થાય ત્યા સુધી યોગ્ય રીતે સીલ કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સેકટરોના સરકારી દવાખાનાઓ બંધ થતા દર્દીઓને ભારે હાલાકી

## ડાયાબીટીસ અને બી.પી.ના દર્દીઓ પરેશાન : અકુદરતી મૃત્યુ વેળાએ પોસ્ટમોર્ટમ વ્યવસ્થામાં પણ ભારે વિલંબ

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં આરોગ્ય કમિશનરની સૂચના બાદ એક વર્ષના અંતે પણ સેકટરોમાં સરકારી દવાખાના શરૂ ન થતા નાગરિકોને હાડમારી ભોગવવી પડતી હોવાનો આક્રોશ મહામંડળે વ્યકત કર્યો છે. અકુદરતી મૃત્યુ વેળાએ પણ પોસ્ટ મોર્ટમની વ્યવસ્થામાં ભારે વિલંબ થતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આ સમગ્ર મામલે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા શહેર વસાહત મહામંડળે રજૂઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ શહેરમાં માત્ર સિવિલ હોસ્પિટલ કક્ષાએથી જ તબીબી સેવાઓ પુરી પાડવાની નીતિના લીધે મહિલાઓ અને વરિષ્ટ નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. ડાયાબીટીસ અને બી.પી.ના દર્દીઓને એક જ જગ્યાએથી દવા આપવાની નીતિ સામે સિવિલ સર્જનને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જેમાં સેકટરોના દવાખાનામાંથી દવા મળે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત કમિશનર કક્ષાએથી સૂચના અપાયા બાદ એક વર્ષના અંતે પણ સેકટરોના બંધ દવાખાના શરૂ કરવાના મામલે કોઈ ગતિવિધિઓ હાથ ધરાતી નથી. આ મામલે શહેર વસાહત મહામંડળના મયુર વ્યાસ, સુધીર દેસાઈ, ચંદુજી ઠાકોર, કશ્યપ મહેતા, લતાબેન ચોકસી સહીતના આગેવાનોએ પણ સચિવાલય કક્ષાએ પુનઃ રજૂઆત કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત જિલ્લામાં થતા અકુદરતી મૃત્યુ વેળાએ પોસ્ટમોર્ટમ કરવાનું પણ ઘણીવાર વિલંબમાં પડયું હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ડોકટર ઉપરાંત અન્ય કર્મચારીની હાજરી અંગે પારદર્શક વ્યવસ્થા ગોઠવાય તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

# ધીરૂભાઈ સરવૈયા મતદાન આઈકોન

ગાંધીનગર, તા. ૨૪

લોકસભાની ચૂંટણીમાં મતદારો વધુને વધુ સંખ્યામાં મતદાન કરે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તે માટે ચૂંટણી પંચે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયાને મતદાન આઈકોન તરીકે સ્વીકાર્યા છે.

મતદારોમાં જાગૃતિ લાવવાના હેતુસર સ્ટાર ક્રિકેટર ચેતેશ્વર પુજારાને આ અગાઉ મતદાન આઈકોન બનાવાયા હતા. જેનાથી ગુજરાતનો યુવા વર્ગ ખુબ આકર્ષિત થયો છે. તે પછી લોકપ્રિય હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયાને મતદાન આઈકોન તરીકે સ્વીકારી જનસામાન્ય સુધી વધુ મતદાન કરવાનો સંદેશો પહોંચાડવામાં આવ્યો છે. હાલમાં ધીરૂભાઈ સરૈવાયા પોતાના દરેક હાસ્ય કાર્યક્રમમાં લોકસભાની ચૂંટણીમાં મતદાન અચૂક મતદાન કરે તેની અપીલ કાઠીવાડી શૈલીમાં કરી રહ્યા છે. આગામી દિવસોમાં તેઓ રાજ્યભરમાં પોતાના હાસ્ય કાર્યક્રમો યોજી મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજશે.

# ધો-૧૦ સંસ્કૃતનું પેપર સરળ : વિદ્યાર્થીઓ ખૂશખુશાલ

ગાંધીનગર, તા.૨૪

ધો-૧૦માં આજે છેલ્લે સંસ્કૃત વિષયની પરીક્ષા લેવાઈ હતી. સંસ્કૃતનું પેપર પુસ્તક આધારિત તેમજ અત્યંત સરળ નીકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. ધો-૧૦ની બોર્ડ પરીક્ષા પૂર્ણ થતા હળવાફૂલ જોવા મળતા વિદ્યાર્થીઓ હવે ૭૫ દિવસનું વેકેશન માણશે.

ધો-૧૦ની બોર્ડ પરીક્ષાના અંતમાં સંસ્કૃત વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૧૮૫૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૪૨૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. છેલ્લી પરીક્ષા દરમિયાન સંસ્કૃતનું પેપર અત્યંત સરળ અને ટેક્ષ આધારિત નીકળતા પરીક્ષાર્થીઓને મજા પડી ગઈ હતી. સરળ પેપરના લીધે વિદ્યાર્થીઓ સ્કોર પણ કરી શકશે. પરીક્ષા દરમિયાન જિલ્લામાં ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હોવાનું પણ શિક્ષણ તંત્રના

● અનુસંધાન પાન-૭ પર

# કયાં ગઈ સદ્‌ભાવના... ભાજપ-કોંગ્રેસે એક પણ મુસ્લિમને ટીકીટ ન આપી

ગાંધીનગર, તા.૨૩

લોકસભાની ચુંટણીઓની તડામાર તૈયારીઓ શરુ થઈ ચુકી છે. રાજકીય પક્ષો ધડાધડ ઉમેદવારોની જાહેરાત કરી રહ્યા છે. ગુજરાતની મોટા ભાગની બેઠકોના ઉમેદવારો જાહેર થઈ ચુકયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે ભાજપ કે કોંગ્રેસ બંનેમાંથી કોઈએ પણ લઘુમતીને ટીકીટ આપી નથી.

ગુજરાતમાં સદભાવના રેલીઓનું મોટા પાયે આયોજન થયું હતું. એવું લાગતું હતું કે હવે ભાજપ મુસ્લિમ ઉમેદવારોને ટીકીટ આપશે અને લઘુમતિ સમાજને પ્રતિનિધિત્વ બક્ષશે. લોકસભાની ચુંટણીઓમાં લઘુમતિ સમાજને ટીકીટ આપવામાં આવશે તેવી આશા છેક સુધી જીવંત હતી પરંતુ ભાજપ કે કોંગ્રેસ બંનેમાંથી કોઈ પણ એકે પણ લઘુમતિને ટીકીટ ન આપતા આશા ઠગારી નિવડી છે. જયાં હજુ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે તે પાંચ બેઠકો પર કેટલા મુસ્લિમોને ટીકીટ આપવામાં આવે તે જોવાનું રહે છે.

કોંગ્રેસ હોય કે ભાજપ મુસ્લિમ મતદારોને માત્ર વોટ બેંક તરીકે જ જોવામાં આવી રહ્યા છે તે ફલિત થઈ રહ્યું છે. બંને પક્ષો દ્વારા ૨૬માંથી ૨૧ ઉમેદવારો ઘોષિત કરી દેવાયા છે જેમાં એક પણ મુસ્લિમ ઉમેદવાર નથી. અમદાવાદ પશ્ચિમની બેઠક માટે કોંગ્રેસ દ્વારા ઈશ્વર મકવાણાનું નામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેનો લઘુમતિ સમાજ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે. જયારે ભાજપની વાત કરીએ તો સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સદભાવના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરંતુ જયારે ટીકીટની વહેંચણી કરવામાં આવે છે ત્યારે મુસ્લિમોને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે તેવું લાગી રહ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સર્કલની દશા અને દિશા બગડી - ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા કોબા સર્કલની દશા સાવ બગડી ગઈ છે... ગ્રીન ગાંધીનગરના પ્રવેશ દ્વારા પરનું સર્કલ નિભાવણી વિનાનું ભંગાર હાલતમાં જોતા વિકાસના મામલે ભારે ચર્ચા જાગી છે... હવે તો આ સર્કલના વિકાસની દિશામાં કંઈક વિચારવું જોઈએ એવું લાગી રહ્યું છે....

# ધોરણ-૧૨નું પરિણામ ૧૮મી અને ૨૫મીએ તેમજ દસમા ધોરણનું ૩૦મી મે એ જાહેર થવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૪

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ પુરી થઈ રહી છે. એક તરફ શહેરમાં લોકસભાની ચૂંટણીઓનો માહોલ ધીમે ધીમે તેનો રંગ પકડી રહ્યો છે. તો બીજી તરફ વાલીઓ અને વિદ્યાર્થીઓ પરીક્ષાઓ પૂર્ણ થતા માથેથી મોટો બોજો ઉતર્યો હોય તેમ હાંશકારો અનુભવી રહ્યા છે. એવા સમયે વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષાના પરીણામોની ચિંતા પણ સતાવી રહી છે. બીન સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે લોકસભાની ચૂંટણીઓ અને તેના પરીણામો જાહેર થયા બાદ બોર્ડની પરીક્ષાના પરીણામો જાહેર કરાશે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ તા. ૧૮મી મે, વાણિજ્ય પ્રવાહનું તા. ૨૫મી મે અને ધોરણ-૧૦નું પરીણામ તા. ૩૦ મે એ જાહેર કરાશે. તેવુ સૂત્રોએ જણાવ્યું હતું. દર વર્ષની માફક ઉત્તરવહીના વિસ્તૃત મૂલ્યાંકન માટે આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકસભાની ચૂંટણીઓને ધ્યાને રાખીને ચૂંટણીની ફરજ પરના શિક્ષકોને પૂરતો સમય મળી રહે તે માટે આ તારીખો નક્કી કરવામાં આવી છે. હાલ ધોરણ-૧૨ની પરીક્ષાની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવા માટે ૨૧ કેન્દ્રો કાર્યરત કરાયા છે. પરંતુ તે માટે વધુ કેન્દ્રો ખોલવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા કુલ ૧,૧૫,૪૯૫ વિદ્યાર્થીઓએ આપી હતી. જયારે વાણિજ્ય પ્રવાહની પરીક્ષા કુલ ૫,૦૮,૮૦૧ વિદ્યાર્થીઓએ આપી રહ્યા છે. એ જ રીતે ધોરણ-૧૦ની પરીક્ષા કુલ ૯.૭૫,૮૯૭ પરીક્ષાર્થીઓએ આપી હતી.



લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં શિક્ષકો રોકાયેલા હોઈ ચૂંટણી પ્રક્રિયાને અસર ન થાય તેમજ પરીક્ષાઓના પરીણામ જાહેર કરવામાં પણ ઢીલ ન થાય તે બાબતનો ધ્યાનમાં રાખીનો પરિણામોની આ સંભવિત તારીખો નક્કી કરાઈ છે.

**MOTOR ACCIDENT CLAIMS JURISDICTION,MUMBAI.**
(Notice Under Section 260 (1) of MaharastraMotor VehicleAct-1989 )
**APPLICATION NO.1410/13,**
Mr. Babu Janu Naik & Otr. ...Applicant.
V/s
Mr. SanjayBhikabhai Patel ...Opponent.
And
Reliance Gen. Issu. Co. Ltd. ....Insurer.
To,
Mr. SanjayBhikabhai Patel ,
Add:C/o.Waqtuji DholuramChoudhari,
At. Phirozpur, Jethipuri, Gandhinagar,
GUJTAT.
To,
where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section **166** of Motor Vehicle Act- 1988 regarding the mentioned accident Under Section165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remain present in Court No. **3** on **07/04/2014** at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved. If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on **06/03/2014** with my signature and seal of the judiciary Court.
SEAL
By Order
ForAdministrator
M.A.C.Jurisdiction,Mumbai.
9,H.S. ,Mumbai- 400 001.

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 80003
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ

લીકેજ-મુક્ત ઘરો માટે
SEAL & DRY
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com